[illegible]ન નાટકના ગાયનો

નીતિવિજય નાટક સમાજને માટે

રચી પ્રસીદ્ધ કરનાર

નીતિવિજય નાટક સમાજ.

આવૃતી પેહેલી પ્રત ૨૦૦૦

અમદાવાદ

રીચીર હસ્પીતાલ સામે પાનાભાઈની વાડીમાં

વિદ્યેશ્વર પ્રેસમા ઇશ્વરદાસ

જેકરુદાસે છાપી

સવત ૧૯૫૮—સને ૧૯૦૨

કિંમત રૂ ૦—૨—૦

[illegible]..............શ્રીરંગપુરનો રાજા.

વત્સરાજ............કુમુદપુરનો રાજા.

વિચારસાગર........સબળસિંહનો પ્રધાન.

કોકિલ..............સબળસિંહનો પુત્ર.

પ્રવિણસાગર........વિચારસાગરનો પુત્ર.

રમણ................સબળસિંહની રાણી.

રતિપ્રિયા...........વત્સરાજની રાણી.

મેના..................વત્સરાજની પુત્રી. કોકિલની સ્ત્રી.

લાલન..............મેનાની માસીની પુત્રી, વિનયની સ્ત્રી.

બુદ્ધીમતી...........વિચારસાગરની સ્ત્રી.

સખીઓ, સેનાપતી, સિપાઇઓ, શોખીન, વારંગના, દરબારી, કાજી, બાદશાહ, ભીલ, ભૈયો, ગોલીયો, બ્રાહ્મણ. વિ૦ વિ૦

...નાના મા મરી ગઇ હતી. માતાના જવા પ...
લાલન સાથે સારી માયા થઇ હતી. લાલન મેનાની માનીતી પુત્ર
પણ દાસી તરીકે બાદશાહની કેદમાથી નાસી આવી છાની રીતે ગઇ
છે રતિપ્રિયા મેનાની સાવકી મા હતી, પણ તે તેને પૂ... ...મથા
...હાતી હતી રતિપ્રિયાનુ હરણુ થયુ ત્યારે લાલન સાથે હતી. તે
પણ ગુમ થવાથી મેનાના દુ:ખનો પાર રહ્યો નહીં વત્સગજે તેને
સુખ થવા શેહેર બહારના એક બગીચામાં મોકલી આપી રહાજનો
શાંત પવન પૃથ્વીપરના લીલા અને આકાશમાંના સુંદરી રગ મા...
મૈત્રી કરી દુ:ખીને આનદ આપવા લાગ્યો મેના મોઢું ખોલી રડેવાવો
સખીઓ તેને પુષ્પો મારી પ્રેમ પજવણુ કરવા લાગી. એવામા કો-
કિલ એજ બગચામાં અણુજાણે આવી ચઢ્યો ગમતી સ્ત્રીલીને જોઇ
રાજી થયો, મોહી ગયો માયાળુ મેનાને રતિપ્રિયા અને લાલન સા-
ભરી આવેથી રડી પડાય છે. કોકિલ એ વાત સાંભળે છે. પોતાના
પિતાના એવા કૃત્યપર નારાજ થાય છે એવામા સતાયલા કોકિલને
સખી જુવે છે, મેનાને બતાવે છે, મેના જોઇ અજાણ જાય છે
સખીઓ કોકિલને રોકી તેનું વૃતાંત પુછે છે, સાંભળી પ્રસન્ન થઇ
પરસ્પરનો પ્રેમ જોઇ તે એકાંત વાડીમાં જુગની જોડીને ભાવની ભેટ
કરાવે છે, મેનાના મોહમા પડેલો કોકિલ પિતાને ઠપકા દેવા અને
રતિપ્રિયાને છોડાવવા પાછો પોતાને શેહેર જાય છે

રતિપ્રિયાનું હરણુ થયું ત્યારે પાછળ પડેલી દાસી લાલન (સુધા)
દોડતા દોડતાં ભયાનક જગલમાં ભૂલી પડી, એવામા વિચારસાગર
સેનાપતિને લઈ કિલ્લે જતો તેના જોવામાં આવ્યો તેના ગોઠાથી
રતિપ્રિયાને કેદ કર્યાની સર્વ વાત તેણે સાંભળી પોતાના મામાજી
વત્સગજ સબળ કરતાં નાના હોવાથી લડાઇમા નહિં ફાવશે ધારી
લાલને યુક્તિથી કાર્ય કરવા વિચારી પાછા ફરતા વિચારસાગરને જો-
ગણુ બની ભોળવ્યો, મોહિત કર્યો અને શ્રીરંગપુર ગઇ. કોકિલ ઘેર
ગયો. પોતાની માતા રમણુને રતિપ્રિયાના હરણની વાત કરી રમણે
...ે એ પાપ તજવા માટે સમજાવ્યો સતાવ્યો સબળ કોપ્યો ને
...ગર ખેંચી કોકિલે હાથ પકડી લઇ રોક્યો તિરસ્કાર

ગાનો બાટ ગોઠવેલો હોવાથી રમણુને પણ [illegible] હોવાથી એક પેટીમાં પુરાવી નદીમાં નખાવી દીધી, રતિપ્રિયા હોવાથી સજનનો તિરસ્કાર કરતી હતી, તે વિષે પ્રધાનને સ-લાહ પુછતાં તેણે વત્સરાજને પકડાવી મંગાવી રતિના દેખતાં મારી નાખવાથી તે પછી તમારી સાથે રહેશે એવું સમજાવી તેને ગુપ્ત રીતે પકડવા સેનાપતિને મોકલાવ્યો. એવામાં કોકિલ મેનાને મળવા પ્રેમયોગી બની જતો જણાયો તેની પાછળ વિચારસાગર પડ્યો મેના નાજ બગીચામાં ઉદાસી વત્સરાજનું હરણ થયું, મેના ત્યાં હાજર હતી તે દુઃખોની મારી મૂર્છામાં પડી એવામાં કોકિલ આવ્યો તેણે તેને [illegible] વિચારસાગરે એ જોયું, તરત સિપાઈઓને હુકમ કીધો મેનાને પોતાની રાણી કરવા ઉપાડી લીધી અને કોકિલને [illegible] સાથે બાંધી તે નાખી ગયા નદીમાં પડેલી રમણુને બે [illegible] દુઃખની મારી આપઘાતને વિચારે એક સિંહને જોતાં તેની સામે ચાલી [illegible] કોકિલનું રૂદન કાને પડ્યું, અટકી પણ તે અહીં ક્યાંથી? એવા વિચાર કરી સિંહ પાસે ગઈ. વનરાજે તે સ્ત્રીને મારી નહીં, પણ ઉલટી સેવા કીધી અને પોતાની ગુફામાં લઈ ગયો [illegible] કોકિલને જોતાં છોડ્યો તેને [illegible] પડ્યો [illegible] તે નદી તરફ દોડતો આવ્યો. પેટી [illegible] સિંહના પગલાં જોઈ માતાને તે લઈ ગયો જાણી રડતા રડતા [illegible] ઘર તરફ ફર્યો, ગામ બહાર આવી [illegible] નદીમાં પડતાં આપઘાત કરવા જતો હતો, લાલને જોયો અટકાવ્યો મેનાનું હરણ કરી વિચાર-સાગરે તેને લાલનને સોંપી હતી, ને [illegible] બહાર આવી મેના કોકિલ મળ્યા, લાલને બેન બનેવીને નચાવ્યા ગાંધર્વ લગ્ને વરાવ્યાં. પ્રધાને સેનાપતિને આજજ કોકિલને મારી નાંખવાનો હુકમ આપ્યો, એ લાલન જાણતી હોવાથી તે બનેને ત્યાંથી [illegible] ગમે ત્યાં જઈ સુખી થવા નસાડી મુક્યાં. નદી કિનારે પડેલી રમણુની પેટીમાં કાંઈક ખાવાનું હોવાથી એક વાંદરો માંહે ભરાતા અણચીતી પેટી બંધ થઈ ગઈ. વિચારસાગર રમણુની આશાએ આવ્યો પેટી ઉઘાડી [illegible]

[illegible] ...ની લાલચ આપી રહેલી હતી, તે ફરી એ કિલ્લો જોવા જવાનું તેજ દિવસ માગી લીધું અને પુ-પોશાકમાં સાથે ગઈ ત્યાં સબળ રતિપ્રિયાને મનાવે છે, તે નહીં માનતાં બાંધેલા વત્સરાજને લાવે છે. તેનાપર તલવાર ઉચકે છે. પણ લાલન પોતાના સજ્જનના બચાવને માટે ખંજર કાઢી સબળપર તલપે છે. પણ પ્રાણઘાત કરતાં દયા લાવી ઉંચે નજર પડતાં દીવાલમાં એક મોટો પથરો અળગો જોઈ તે સબળપર ગબડાવી પાડે છે. તેના પગ ભાગી જાય છે અને એકદમ રતિપ્રિયા અને વત્સરાજને લાલન નસાડી મુકે છે.

અંક ૨ જો.

નાઠેલા રતિપ્રિયા અને વત્સરાજ જંગલમા ભુલાં પડે છે, રમણ-વાળો સિંહ એવામાં ત્યા આવી ચઢે છે, વત્સરાજ ઘાયલ થાય છે, રમણ પણ આવી ચઢે છે અને બન્નેને ઓળખે છે. વત્સને ઉપાડી રતિ સાથે પોતાની ગુફાએ લઈ જાય છે. એજ જગ્યાને પ્રધાનની શિ-ખવણીથી સીપાઈઓ ઘાયલ સબળને મારી નાંખવા લઈ આવે છે. લાલન સબળને બચાવવા પાછળ આવી જોગણી થઈ બોલે છે. સિ-પાઈ નાસી જાય છે. ને તે સબળને લઈ આવી ગુપ્તરીતે પોતાના એક ખાનગી ઓરડામા રાખી સાજન કરે છે.

શ્રીરંગપુરમાં સબળને પથ્થર વાગ્યાની વાત ચરચાઈ, કોકિલના મોટા કાકાના પુત્ર અને મિત્ર વિનયે એ વાત સાભળી તે કિલ્લે ગયો, ત્યાં કોઈ જણાયું નહીં, રાજ્યમેહેલમાં કોઈ મળ્યુ નહિ, તે ગભરાયો, પ્રધાનને મળ્યો, વાત પકડાઈ, પ્રધાન નાસી ગયો, વિનય પ્રધાનના મોટા પ્રપંચ સામે થવાને કાંઈ મદદ શોધવા લાગ્યો, તે તેને મળી લાલનપર તે ઘણા વખતથી મોહિત થયો હતો. લાલન તેને ચ્હાતી હતી, કોકિલ ગયો તે દિવસથી તે લાલનને મળતો હતો આજે, તેણે લાલનને પોતાના મનની વાત કરી, લાલનને પ્રધાન વિચારસાગરનો ખુલ્લો કરવો હતો તેથી વ્હારથી તે વિનયને બીજુ રૂપ

તેણે ના કહી વિનયને ખોટું લાગ્યું, દુનિયાપર તિર

સર્વ ગયું. કોકિલ મેના દિલ્હી ગયા હતા ત્યાં એક દિવસ જરૂખામા બેઠેલા બાદશાહે જોઇ, તે આશક થયો અને જોરથી મેનાને પકડી ગયો. કોકિલને જાણ પડતા તે બે બાકુળો બેબાન બન્યો. મહાભાગ્યે વિનય સાધુ સ્વરૂપે ફરતો તેને મળ્યો, વિનયે ધીરજ આપી અને મેનાને મેળવવા યુક્તિ ગોઠવી, મેનાને જ્યાં રાખી હતી ત્યાં ફક્ત કાજીજ જઇ શકતો હતો, તે કાજીને ત્યાં વિનય ચાકર બની બાનુ રહ્યો શ્રીરંગપુરમાં વિચારસાગરના પ્રયાસ વિજયી થયા. હવે તે ગાદીપર બેસવા અને લાલનને પરણાવા તઇયાર થયા. તેની બુદ્ધામતિ નામની સ્ત્રી અને પ્રતિભુસાગર નામના પુત્રે તેને બહુ વાર્યા, પણ માન્યુ નહીં. સત્યાસિલ સારો થઇ ગયો, લાલને તેને બધો પ્રપંચની વાત જાહેર કરી દરબારના એક ઓરડામા ગુપ્ત રીતે રાખ્યા હતા વિચારસાગરનો વલોપો આવ્યો, લાલને તેણે જીભ કાપી નાંખી, નગારાતન પકડાવ્યો, સગળને છુટા કીધા, અને પોતે છાનામાના પોતાના પ્યારા વિનયને શોધવા જોગણ બની ચાલતી થઇ.

અંક ૩ જો.

વિનય કાજીનો બહુ પ્રિય થઈ પડયો કાજીને કરગરી તેને મેનાને મહેલે પોતાને જવા જવા કહ્યું કાજીએ તેને સ્ત્રી પુશાક પહેરાવી સાથ જવા દેવા પાડી વિનય ત્યાં ગયો, મેના મરણના મોમા આવી પડેલીને મળી ગુપ્ત સંદેશા કહી ધીરજ દઇ પાછો જઇ કોકિલને મળ્યો, મામાને મંદીરે ગયલી મેનાની પાછળ બન્ને ગયા દેવીના પુજારીને લાંચ આપી દેવળમાં જઇ સતાયા. મેના આવી કોકીલ મળ્યો વિનય મેનાને બદલે બાદશાહને મહેલે ગયો અને મેના કોકીલને ઘેર મોકલ્યા. રાત્રે કોકીલ મદદમાં ગયો નાસતો વિનય પકડાયો તેણે કોકીલને મેનાને લઈ પોતાને દેશ નાશી જવા સમ દીધા. મેના કોકીલ નિરૂપાયે નાસી ગયાં વિનયને શુળીનો હુકમ થયો જોગણ લાલન જંગલમા રતિપ્રીયા રમણને મળી તેને સઘળા ગાદીપર આવ્યાના અને તેના પાપ માટે પસ્તાયાના સમાચાર કહ્યા રતિપ્રિયાએ તેને રોકવા પ્રયાસ કીધો, પણ

... વાગ્યાં જાણીને ચેઇ અને ઉતાવળથી ।
પ્રાણપ્રભુને મળવા દોડી ગઇ દીલ્લીમાં શુળી પાસે વીનય બેઠા. લાલને આવી આવું જોયુ અને એક પ્રપંચ ગોઠવ્યો બાદશાહને મૂનય જાદુગર છે એવું સમજાવ્યું સમાધીમાં લાગેલા વીનયને જાદુગરજ જાણી બાદશાહ ગભરાયો બચવા ઉપાય પુછ્યો એ વીધીએ છેવાને કુવામાં ડુબાવી સાગ પોશાક સાથે જંગલમાં છુટો મુકી દેવા એવું પછી પોતા પાસે રહેતા એ મોતી વરાવી શણગાર સજી તે વીનયને વીનવવા ગઇ જીભ કપાયેલા વીચારસાગરને થોડો થોડો આરામ થવા માંડ્યો એટલામાં તે સીપાઇઓની નજર ચુકાવી કેદમાંથી નાઠો અને જંગલમાં આવી ચડ્યો ત્યાં સુતા વીનયને અહીંજ સીપાઇઓ છોડી ગયા વીચારસાગર ત્યાંથી ન ગયો લાલને આવી વીનાનો નૃત્ય સંગીત કરી સમાધીમાંથી જગાડ્યા તેણે તેને ઓળખી અને જઇને વીચારસાગર ઓળખ્યાં મારવા મનસુબા કર્યાં, તરવાર ઉપાડી એટલામાં કોક દીલ્હી મીત્રની મદદે ચડેલા અહીં આવી ચડ્યા તેણે વિચારસાગરના હાથ પકડી લીધા અને પકડ્યો લશ્કરને દીલ્લી બાદશાહને સજા કરવા ચડાવો છે વીનય અને ભાભી લાલનને સાથે લઇ વીચારસાગરને સીપાઇઓને સોંપી ચાલતો થયો શ્રીરંગપુરમાં રતીપ્રીયા આપુ અમળ વત્સરાજ અને મેનાને જઇ વીનય, લાલન કોકીલ મળતાં સમજે કોકીલને રાજ્ય સોંપ્યુ, વીનયને પ્રધાનપદ મળ્યું કોકીલ અને મેના, વીનય અને સુખાએ પછી સદાએ આનંદ કીધા

---o:---

લાલન.

અંક ૧ લો.

સખીઓ—　　　　　　　　૧

તુ દાતા સત નગ્વર ધરકર હર હર,
શાંતી કરતા ભ્રાંતી હરતા એક ઈશ્વર અગણુ બિરાજે.
જયરાગી વિરાગી શિવ.　　　　તું.
રતિ મતિ જીવ અતિ ભટકે ભવમા, શુભ મતિ
સતિ અતિ ગતિ પામે;
સાનીધ નિધપ ધપમ પમગ મગરે ગરેસા,
સુર સકલ કુલજે, પુર અકલ બલજે.　　　　તું.
ધિરકિટ તકધા ધા તીરી કિટિ તક—
કડાન તકના કિટિ કિટિ તકના—　　(૨)
તકકિટિ તક ધર કિટિતક ગદીગન—
ધિત્તા કિડાંન ધા—ધિત્તા કિડાંન ધા—ધિત્તા કિડાંન ધા—તુ.

૨

સખીઓ—સખી સુંદિર નખરા કરી! જશે કયાં ફરી!
મદન રસ ભરી! રમી રૂમ ઝુમ છુમ　　　સ.
મેના—શું સતાવો! શું બનાવો!
સખી—મન ભાવો! કરિ રૂમઝુમ. (૨)
જાણી જાણીરે સ્યાણીને મનથી તો માનીરે—
ધીરી આવે ભાવે છુમ ઠુમ ઠુમ!
રસિક મળશે—સફળ કરશે ફિકર ટળશે.
મેના—ફેલી સંપીલી અલી ઘેલી સાહેલી!
સખી—મુખ ચંદ્રમાનો સાગ, નેણુ બાણુ મારે ઠાગ

સખા—ઈમ ઝુમ ઝુમ.

૩

કોકિલા—આહા ! રસિલી છબીલી પેલી નાર !
સુખકાર, રૂપસાર જોતાવાર, મનહાર;
છે અપાર, શણગાર, બહુ ભાર, ચહુ પ્યાર——આહ
રંભા રસીલી મારી, આનંદ નદી ભાગે !
રીઝાવે વારી વાની, ખીલવે પુષ્પો માગી !
પ્રેમ કટારી બહુ સુખકારી, સ્વર્ગ તણી સુંદર સકુમારી;
કંચન વનમાં મણી શણગારી !

મેના—સાહેલી ગઇ તમથી હારી;
સખીઓ—લટકા છટકા ને બલિહારી વાણી મારી !
મેના—સખીઓને મારા સમ ! ! ઓહો.

૪

સખી ૧ લી—ગુંજારે ઉડી જાય ભમરો લોભી ફુલનો,
સખી ૨ જી—પસ્તાવાનું થાય ચતુર ચુકે બાજી પછી;
સખી ૧ લી—કમળ શિર શિરે હોય ઉઘડે ફુલ ઉપભોગને,
સર્વે—કોમળ કોટે રહોય ચંપેલી ચિત ચોરની,
થઈ-તા થેઈ-તા થેઈ-તા થેઈ——
આવો આવો રસિયા મન વસિયા, પ્રિત લ્હાવો લ્યો ભાવે.
જોડ સરસ જન લ્યો સુખ ધન ધન, અરપણ તનમન
ધન...આવો,
મોહિ મોહિ સુખ ખોઇ ગિચારી, રટણ કરે નિષ દિન-
પિયુ ! પિયુ ! પિયુ !
થઇ ઘેલી પ્રેમદા, નાચી રહિ રમતાં !
ધિર કિટ ધિ લાંગ ધા (૩) આવો.

૫

માર સાગર—ભાસા ખંજર બરછી બખતર ખાંડા તોપો,
ફરસી બંદુક પનનનનન !
લગાવી સનનનનન.

વાવારે બહાદુર સરદાર ! છાટ લગાના સનનનન.

— ૬

છાંયો તુંહી તુંહી તુ નાથ સર્વો વાસમે,
પ્રિતસે સ્વરૂપ ધરે શાંત નાશમેં. છાયો.
અભિમાની મે આપ બી કરે આપ કયા કાર !
નાસ્તીક જગમાં બ્હોત હય આપ આપકે ભાર
અલખ તુ શાત નાશમેં
મહાદેવ પહેલા પ્રભુ કરુના સાગર સાર,
શિવશકર કૈલસ કે વાસી સબ દાતાર,
અલખતું શાત નાથમે છાયો.

વિચાર— ૭

આહા પ્રીતી રીતી રસિક છબિલ જન્ન જાણે !

લાલન—આપ બડે ગુન બના હો !

વિચાર—આય હાય તમે પ્રિત પ્રાણ છો ? અહા.

લાલન—સજ્જન સુઘડસે મિલાપ

વિચાર—મધુરી સફળ માને,
ફસ્યો હું મીઠા વાણે, બન્યો હુ ઘેલો જાણે અહા.

લાલન—સજ્જનસે સ્યાણા મિયે સુલરે હોય કસાબ,
પારસસે લોહા મિલે પર કુદન બન જાય. અહા.

રમણ— ૮

પતિ છો પ્રભુજી પ્યારા પ્રેમ પઢેલા, અરસ પરસ બહુ બહુ
રસરેલા બલિહારી !

સબળ—હઠભારી—

રમણ—સુખકારી—

સબળ—ધુતારી—ચલ હટહટ દુર દુર બુધ્ધ તુ નારી જારે. ઠગારી.

રમણ—સતિનું હરણ કરે દૈત મરાણા,
રહમણુ સુભાગી સ્વામી રસિયાજી સ્યાણા.
હું વારી !

સબળ—તું કટારી—બસ બક બક કરવી તજ રેતિ મતિ
વિચારી. પતિ.

કોકિલ— ૯

ફટ ફટ છટ છટ દુર બુધ નત શુદ્ધ ! !

સબળ—કુમાર જા જા શું મરવાને ચ્હાય.

કોકિલ—ધિક ધિક દુર ગુણ હઠ હઠ થાય ! !

સબળ—અરર વચન ન ખમાય, ફટ.

કોકિલ—અવિચારનો અજય સુવિચારનો વિજય.

રમણ—વિદવાન છો, ગુણ જાણ છો.

સબળ—અહાહાહા દુખ આ નહી વેઠાય '

કો-ર—મન વશ મળશે, શુભ ફળ ફળશે.

બૂરે નર થઇ ધિઃકકાર અપાર—

ધિઃકકાર અપાર—ધિ.કકાર અપાર—ફ૦

વિચાર— ૧૦

રાજને પાટને ઠાઠને ભભકો ભારો તારી વાહવા વરણાગિમાછે.

પાંચ પચાસ તો પ્રેમદા—વ—પછી સુખનાં તે વરણનશા. વ—

રોજને રોજ છે મોજને મોઘા વેશમાં ભારી કામના વ—

પાલખી ઘોડા બેસવા-વ-સારા દેશમાં મોટી નામના વ—

નાચ તમાસા ભવાઇ નાટક, અફીણ કસુંબાં મિઠાઇ ઉપર—

રંગ રાગ કરવાની છે તક—આહાહા ! ! ! સારા.

વારાંગના— ૧૧

અજી સૈયાં પનિમાં ભરન કયસે જાયરે ?

ખડા જમના કિનારેપે શ્યામ ! શ્યામ શ્યામ ! સૈ—

માર કકરી ગગરી ફોડત હયે, માને નહી. કહ્યું કહ્યું કરદે ! ખ—

પ્રેમ બચન મુખસેં બોલત હય—ઠારો રહે મનહર હિરરે ! ખ—

૧૨

ભલો } લીલાલેર હારી પેર ઘેર ભારી થશે ભલે ભાઈ ભાઇ;
} બળદ ગાય ભેંસ છોકરાને નારી થશે ભલે ભાઇ ભાઇ.

અરે લુલિયા ગમાર—જરા બોલતાં વસાર;
—ઘોડી લાવું થન થન કરતી સનનન બનુ સવાર;
તા—ખટપટ ચાલે ચટપટ, મારે ચાબુકનો ચમકાર.

વિચાર— ૧૩

ઓ જવા દે યાર દયા દિલ ધાર હવે નહીં માર
અરર બાપરે ઓ—ઓ—ઓ—અ૦
લોહી લોહી કાઢી મુક્યુ નખથી વગરડી
ચામડાને કાડી નાંખ્યા હાય હાય કરડી
ખા—મા—રે—મા—ઓ૦

કોકિલ— ૧૪

અલબેલી ઓ છબીલી શુ રસરેલી પ્રેમ ઘેલી તું,
રસરેલી પ્રેમ ઘેલી તું અલબેલીઓ છબીલી શુ;
મધુરી મળી મનમાની ભલી પ્રેમની ન્હીશાની,
પ્રિયપર મેહેરબાની રંગીલી સ્નેહ વેલીતુ અ.

મેના—સજન સરસ સ્વામી સફળ જનમ પામી,
સકલ વિપત વામી પ્રિયવરને પરણેલીછું અ.

લાલન— ૧૫

પ્યારા પિયુ વર મન હરનારા,
મન હરનારા તનધન ધરનારા. પ્યારા.
મદન દમે તહાં કેમ ગમે નહી, દરસ પરસ રસ સુખકર સારા. પ્યા.
ચંદ્રવિના રજની રહી તેવી પતિ વિણ નાર;
જુગતામાં ઝાઝુ ઘટે—રસિયાણિ શોસાર... ... પ્યા૦

વરસ— ૧૬

શી કૃતી કરી જગતની હરી ન્યાય ભલો ભાસે,
નસિબ લખ્યુંજ થાશે ? મુખજ અથડાશે;
ધૈર્ય રહે ધરી જાય તે તરી અઘ મરે આશે,
સુખ દુખથીજ ત્રાસે આપ પડ્યા ફાંસે.
નાથથી ડરી આશરે ઠરી ભાવ ધરી ગાશે,
જય જય કહેવાશે શાંત બની જાશે.

—ઉરા આસારજી રે,
ચરણુ પડયાને સ્હાય કરતા.
અરજ અબળાની ઉરમાં ધરતા,
શરણુ તાણી જાય લાજરે......હે.

૧૮

લાલન—હે રસિયા હે રસિયા હે રસિયા મન વસિયા;
મન સુધાર ધારી પ્યાર ભેટ સાર જીવનહાર.
વિનય—એજ નાર મોહ માર મદન દાર વિજય કાર ..હે.
લાલન—રસિક ઉપર મન તન વારૂ વારવાર;
સેવા કરૂં સરદાર,
મદ મારે. દુખ ભારે;
વિનય—ભાગ ત્યારે-ભાગી સારે-ગય ધારે-બહુ વારે-હાર...હે
વિનય—

૧૯

રે મન ધન બન ઝટપટ જા,
દુનિયા મતલબ કુસગ ગાફલ ન થા ગા......રે
નાથજ દાતા, સત પિતુ માતા.
સ્મર સુખ શાતા તો જન વાવા!......રે.

૨૦

વિચાર—મુખડાંને રંગ ચાલ ચાલે છન છન;
અરે ઓયરે રગીલીનાં નખરાં ધન ધન.
ઓય અહાહાહા હા—(૨)
લાલન—રસિયાજી રંગલાલ!
વિચાર—નાચુ થન થન
લાલન—દિસો વાંદરા
વિચાર—તો ખંજરી બજાવૂ ખન ખન...ઓય...મુ.

૨૧

કોકિલ—મહા ભાગ્યે મળી તું મધુરી
મેના—હું વરી-તરી-હરી-ખરી—મહા
મોહન રસિયા રે તન વસિયા;
—મન હરણી-સુખ કરણી
વારૂં વ્હાલાજી હું હારૂં હું વરી

२२

...—અહા છબીલી મેના પ્યારી, તું મારી તું સારી તું પ્યારી તું,
.ના—ગઇ બલિહારી હું
કોકિલ—નેન બાણુ મારી દે ભુલાવી ભાન ભારી...અહા.
નારી કામણગારી સ્વામીને સુખકારી;
વ્હાલીરે વ્હાલી મારી સ્યાણી સલુણી સારી.
મેના—આવાથી હુ તો હારી
કોકીલ—હારે હારે લટકે મારે ભારે હારે, પ્યારે તારે વારે વારે.
મેના—જાઓ જાઓ
કોકિલ—વાલ્હવા-વાલ્હવા-વાલ્હવા એ......અહા.

२३

મેના—છો સુંદર સરસ જન હો ! પ્યારા મારા ન્યારા રાજ
કોકિલ—પ્યારી પ્યારી
મેના—રતિ પતિ રસમય ચતુર વિજય ધન છો,
કોકિલ—રસીલી છબીલી મધુરી તું પૂરી,
નમેલી ખિલેલી શુ ફૂલી સુવેલી !
મેના—વારી વારી બલિહારી !
કોકિલ—ન્યારી મારા પ્યાની સારી !
મેના—ભારી ભારી સુખકારી !
કોકિલ—હારી મારી પ્રીતી વારી !
મેના—નારી તે કોણ બિચારી !
કોકીલ—સાચી સારી શ્યાણી ભારી !
મેના—સારી સ્વામી સેવા ધારી !
કોકિલ—નારી કામણગારી——છો.

२४

વિચાર—મારી નાંખ્યો ઓ બાપજી રે !
બુદ્ધી—પજવો છો ઢોંગ કરી !
પ્રવિણ—સારી આમી છે વાહજી રે !
વિચાર—અરરર જાણે મરી મા.
બુદ્ધી—મોટી ખટપટ ખાસો સોટી

[illegible]

બુ૦પ્ર૦—વાહ અરે વાહ શાબાશ !

બુદ્ધી—અજબ બનાવી આ પણ કોટી !

પ્રવીણ—ડોસાની કો નાવે જોટી,

સોટીપર આ બીજી ચોટી.

બુદ્ધી—ઉભા થાઓ સીધા થાઓ બેસી જાઓ. (૨) મા,

૨૫

બુદ્ધી—હું તો મારા પિયુની દાસી છું.

વિચાર—મેરના સુરસ ગંગારામે કરતી

બુદ્ધી—કારે બનાવો હાંરે સતાવો ?

વિચાર—મરવાના ઢગ છે પ્યારીને રગ છે.

બુદ્ધી—(મારા) નાથજીસું નેહે વાસી છું...હું.

વિનય— ૨૬

હર પ્યારે હર પ્યારે તું મારે,
માન, તજી અભિમાનન કો;
ગાવેરે તું પાવે સમાધી,
જ્ઞાન મિલે સબ શાંત ઉપાધી......હ૦

ગુણિકા— ૨૭

પિયારસીયાપે તન મન ધન વારૂં,
એજી મેવા મિઠાઈ ખિલાઉં;
સેવા કરૂં સુખ ચંપી બનાઉં,
પ્રીતકી રીત સિકાઉં, સો મારે પ્યારે પ્રી૦

ગુણકા— ૨૮

મે આ જાઈ દીલકે લગાનેસે,
મોહે સગે લીયો છેલા બહાનેસે. મે. ટે૦.

(સાખી)—આજ ફીર અપના મયા વખ્ત મુજે યાદ આયા,
ઝહેરે દીવાર કોઈ આશકે નાશાદ આયા,
દીલ ચુરાનેકુ વોહી બાનીયે બેદાદ આયા.
ચેતો અબ્બારથી વો મેરાભી દિલદાર આયા,

લગી મેરી મેહેનત ઠકાનસ.

— ૨૯

કેવા થયા ભરત ભુમિના હાલ હે હરી હુ•

વિજયથી બન્યા છે દુષ્ટ નઠારાં કામ કરી હરી ફરી...કે૦

લવ લેશ વેશ પાપનો ન કયાં હતો જહીં,

માર માર સત્ય થાય હડ હડ તહી;

સાચ ખમે આચ રાચી જગત સહુ રહી,

હાય હાય હૃદય રૂધિરની નદી વહી.

વિનય— ૩૦

જય થાય સત ગાયજે હર શ્કાય દુખ જાય છે.

કોકિલ—સુખ સુખ ધારા, બધુ મારા.

વિનય—સદ્દગુણ સજેલા સારા. જ.

કોકિલ—વિજયી જ્ઞાની જન થાય છે, વિનયી કેઇ કહેવાય છે.

પ્યારા મારા, ધન ગુણ તારા,

વિનય—બહુ ભણનારા કોકિલ પ્યારા.——જ.

ગુણકા— ૩૧

મોરી લાજ શરમ રખલી જગમે,

એસો પાક જાત પરવરદીગાર, મોરી.

પેદા કીયેકી લાજ તુમીકો,

તુ દાતા મે ચેરી તોહારી. એસો.

વિનય— ૩૨

જગત સમુદ્ર મધ્ય નાવ કોટિ કોટિ તન્ન:

અગણ ઉપાધી આવે વીર ધીર ધારે ધન્ન.

સફલ શાંતિને સારે સ્યાણું જો સુકાની મન્ન—જગત.

પ્રવિણ— ૩૩

સજી સરસ બસ, કામણગારી સકુમારી પર વારી. સ૦

લાલન—એટાને બુરૂ નહી શોભે–

પ્રવિણ—પ્રિય ચિત લોભે વારે લાલન પ્યારી. સ૦

જાણી છું ત્યારે.

લાલન—મર રે જારે

પ્રવિણ—માફ કરો માફ કરો.

વારાંગના— ૩૪

બલિહારી અલી ન્યારી !

સ્થાણ્યા રાજ આજ ચઢ્યા વિજય સવારી;
વાહ વાહ જનમાં વનમાં. વિ૦
ઉમંગે ને રંગે મહારાજાજીને વારી !

સર્વે—રસિયા હસિયા મન મંદિર વસિયા,
શિરપર–સુખકર–નૃપવર–નેનઠર.
કરી દયા દુખ હારી હે સુખારી.

દરબારી—વંદીએ જય ઉચારી,
સબજીને વાહ વાહ વાહ—વા૦

વિનય— ૩૫

જયકારી તમે કિરતાર,
સ્નેહ સાચા સદા શાંત નોધારાના આધાર;
નરગુને છો તારનાર, ભોળા શંભુ–ત–જ
અકલગતિ રજકણમાં વ્યાપ્યા, શરણુતાણા સદ્દભાર
સબગ શાંત ઘટઘટમાં સ્થાપ્યા, આનંદ અપાર પાર—
બો—ખ—૦૮.

ગોલીઓ— ૩૬

વારી વારી થશે રંસ ભીજશે,
જનોને વસે મધુ ચાખશે મોજે માણશે. વા—
શાહની પ્યારી રસીની સારી, ન્યારી તું ન્યારી
લ્હેરોની ક્યારી.

મેના—હારી ધુતારી નારીથી—

ગોલીઓ—હારે તારી છટા તુજ છલબલ;

મેના—કલકલ ના નર અલી દાસી રાંડ ચલ હટ જા મર ટળી;
જારી ધારી એ નારી શું અવિચારી મરશો હારી.

ગોલીઓ—ઓહોહોહો એશ એશરે જાણ્યું ડાહપણ
એ અલી-છબીલી–રંગીલીને–મળી જા હળી
સુખમાં શોભશે પ્રિતમાં થોભશે દિલમાં શોભશે.

ગુલાની તસતસે, ખસે,
ગુરખ જરૂર ફૂસ ફૂસે.
—ગાંડી હશે, ઘેલી હશે, ગાંડી હશે—વાહ.

મના— ૩૭

તે રસિયા મન વસિયા એક પતિ પ્રભુને સદેસો સુમ કરજો
શ્યામ સનન વિજળી નારી મેઘ ચાર ધાર—તે
પીયુ પીયુ પગ આશ છે મારી
ધીર વીર છો ધીરજ ધરજો—તે

૩૮

ગોપીઓ:—આદ્ય ભવાની તેજ છો શક્તી પરમ અપાર,
માત દયાળી અંબીકા સ્મરણ કરે જય સાર.
અગણજંત અવકાશમાં સુધા સદાવરત પાન
મળાણુ માતા મધુર સચરાચર ગુણગાન
જય જય જગદંબા જશવંતા જીવ દુઃખ જાણુછોજી.
ઝગહળ ઝબકંતાં રસવંતા શુભગુણ ખાણુછોજી
જેનો જનમ ધન ધન (૨) અરપણ શરણે બનીને તનમન
જયાં ત્યાં તું વ્યાપી સાચા સું સ્થાપી
સરસ સરસ સકલ અકલ અખિલ હહાણુછોડજી
હરણ તરણ વિપત ચ્યરણ શરણ પ્રાણુછોજી—જ.

કોકિલ— ૩૯

પ્યારી ડર નહીં મારીરે
મેના—પિયુ પ્રાણુ દુઃખ જાણુ
કોકિલ—પ્રભુજી પરમ દયા કરીને ઉગારી પ્યા.
મેના—તલસિ તલસિ ગઇ નાથજી હારી કારો પ્રેમ કટારીરે.
કોકિલ—રંગ રંગ રંગ તારી વાણી સ્યાણી સારી
મેના—વાલાજીને વારી વારી ન્યારી બલિહારી. પ્યા.

વિનય ૪૦

રજા આપું મિત્ર મારા પ્યારા,
સુજશ છે બસ જ્ઞાન માન સારા;
સાર સાર શુભ મળી ઘણી શાંતી ધારા—રજા.

કોયલ—હેલુ ... સુખ ન્યારા ... ૨
કોકિલ—હે હર છે નર-સુંદર
વિનય—તું પર-નાશ વાર નારા ૨જ.
કોકિલ— ૪૧
બની મોહિની બધી ભારી,
મેના—રે રસિક હુ નારી તમારી છું બની;
કોકિલ—પતિપર વારી અતિ સુકુમારી મતિ બલિહારી.
અતી સુખકારી મો.
રીતીમાં રૂડી નારી પ્રીતીમા પુરી પ્યારી,
સ્યાણામાં સ્યાણી સારી વ્હાલામાં વ્હાલી ભારી,
મેના—રસીના રસ રાજ વારો હઠીલા હઠ રાજ હારી,
કોકિલ—રસીકા સુખતાજ મારી વસીઆ મનમાંજ પ્યારી.
મેના—વળિ વળિ બલિહારો લળિ લળિ મળી વારી, મો
કોકિલ—પ્યારી પરી મારી ખરી.
પ્રીતી ભરી કેદી કરી રીતી નરો રૂડી ધરી,
મેના—આપ વરી ધન્ય કરી.
લાલન— ૪૨
પાયે લાગું માતા મહારાણી-
રમણ-રતિ—નાના એવું શોભે જોગી સજન તમને
લાલન—બની દુખીયારી જોગણ તજી પતિ ગયો પ્રીય વિનય
રમણ=રતી—પ્રેમી જન ધન્ય ધન્ય દેહ તન ધન વારી બને.
લાલન—રૂડો એજ દીન જળ મીન લે માણી
રતી—જાણી સાહેલી તું મારી;
લાલન—સ્યાણી તે સૌ લેશ જાણી.
૪૩
સીપાઇ—અહા કયસી શીરી મજેદારી પ્યારી,
ટહે કુ કુ કુ કુ કુ મિલે લહેરી ન્યારી;
હોકા સફાખદાર નેચા તરંગીદાર,
મીઠા ચુડાકુ દાર, તાજે ભરે અગાર;
બડી મોજસે ... ... મિલાઈ તાજી ... ...

નાદાનોને હૂલ લગાયા;
બી—મિયાં અફીમીને ડર પાયા આ હા હા આ,

૪૪

સિપાઈ—
લૈલા—— } અહાહા વાહવા અહાહા વાહવા,
બીચારા આઇ કળખતી ભારી;
પડજાયે સર જુતે તબ મોજ લુટે;
તુમ ગાફલ અમાર જુટે?
નોન કુફરે પાજી અફીમી કુટે; સરકો કુટે,
નાદાનગીકી બીમારીસે.

૪૫

સિપાઈઓ—કર તોબા રહમ ચહે હજુરકી,
૧ લો સિ—અયેસી નાદાની કરકે ફીર, લટપટ મત કરના ગુમાની
લૈલા—દમપર કૃપા હે સજનવાકી,
૧ લો સિ—પકેકે તુમ સુજી સબ,
લૈલા—પાઉ પડુ અરિ અબ;
બધા—અપને સબ હયે જયસે ભાઇ.

મેના— ૪૬

સખીરે તું સ્યાણી ધીરજ ધાર.
લાલન—મારી વ્હાલી સખી બલિહાર;
કોકિલ—મળશે ઘર આપણને સહુ વ્હાર.
લઇ સ્વારી જઇ હઉ બહુ માર,
મે-કો—પ્યારી સારી ન્યારી ભારી બેન તણો ઉપકાર!
લાલન—વારી હારી ન્યારી ભારી સ્નેહ સુધાર કરાર,
વ્હાલા વિયોગે દુઃખ અપાર,
મે-કો—પાપો થાશે જગ જગ હાર.

લાલન— ૪૭

આશ પુરૂં સ્વામીને પામીને નામીને વાગીને ત્રિપલી;
પ્રીતી વ્હાતી ગીતો ગાતી નાચી કરૂં ખુશ અલી;
ઝરમર-ઝરમર, દુખિપર-શુ નજર—
સુમનહર સુજવર-સુગણસર-મનહર—

લટકામાં લેશાશે અટકામાં આંજાશે,
સારાંના સાર મારા હૈયાના હાર, કરે કેમ નહીં વ્યાર.
ધન ભાગ્ય હું છું નારી, વ્હાલાજીને વારી,
હું તો વ્હાલી કાલી નારી થનારી,
શાને છેડી–પ્રીતી તોડી–તોડી જોડી–ખીજુ થોડી;
નારેના નારેના સેવા કરૂં દોડી દોડી.
પતિ મારા–અતિ સારા–મતિ તાર–રતિ પ્યારા;
નમિ ન્યારા–અભિસારા–રસકયારા–રતિરાગ––અ

લાલન— ૪૮

ધન દીવસ આજે પામી પ્રભુ તન ગન વિનય વસિયા રસિયા
યે થનનનનનનનન પ્રેમ ઉર અતી સ્વામીજી વસિયા;
રગ ચહુ સંગ રહું જંગ સહું જગ જસિયા ૫૦
સુંદર છેલા હું પર ઘેલા,
ચતુર દગાનુ હસિયા હસિયા.
મોટા છો માયા માગુ પાયે લાગું ડાહ્યા ધન,

વીનય— ૪૯

અરે વારે જાણે ઝરરર બીજળી પ્રકાશી,
સરરર સરરર પ્રેમ પવન ધન રમવાની તક ખાસી;
કડડડ કડડડ કામ વીકટ ધન થોભે સર્વ પ્રવાસી
લાલન—પ્યારા શું સહુ વાત વીમાસી વ્હાલાજી ચહું માફ હું દાસી
પ્યારા–સાર–હાર–ધાર અ.

લાલન— ૫૦

સાગી શોભે વારી લોભે છબી,
વીનય—જુગલ પ્યારી,
કોકીલ—રંગ છે–રંગ છે સા.
રસીક મદન મીત્ર છબીલ આજી રતી;
અચીક અબીક રીત મધુર મેળાં અતી,
લટકાળી–મટકાળી–છટકાળી.

રવથી ભેટીને ભય વારે, રસની નદી ઉપર તાર.
—સ્થાણુને જાણનારે પ્રીતી સારે કાલા છો લાલાજી મીઠા ભારે
જાઓરે જાઓરે તેડયા કયારે, આવોરે આવોરે ચહું પ્યારે સા.

સીપાઈ— ૫૧

ત તે એવો સુજી કેવો જા જા જાગે,
ખુબ અનુરાધ શું મરદાઃ;

વીચાર—જાવા દો ભાઇ,

સીપાઈ—ક્યાની સગાઇ? તું.

વીચાર—છટકવું ધાઇ સટકવું ખાઇ,

સીપાઈ—વાહ—વાહ—વાહ—

વીચાર—અરે નહીં નહીં કંઇ ક ફરૂં રડી રડી દઇ—તું.

લાજન— ૫૨

કથા શું કહું સખી પ્યારી પડયા શીર દુઃખ બહુ ભારી,
પોતાને ભ્રાતને મારી મને ને માતને હારી,
ગયો લઇ મ્લેચ્છ અવીચારી પછી ત્યાં માત રીબ રી—કથા.
છુટી ગઇ કેદથી કારી, બની ગઇ દાસી દુખીયારી,
નૃપતી જયરાજ કુમારી સુતા છું બેન હું તારી—કથા.

સર્વ દરબાર— ૫૩

ત્રીપુરારી-હે મુરારી ભારી પ્રભુ વાપતી વીહારી,
ધન્ય ધન્ય જન્ન મન્ન દુખ હરી—
શાંત કાંત ગંગા ધારી,
હર જય નિરભય જગમગ ઝટ લય સતાથ.
કર ધર તું માયાળી હર;
શ્રી સ્વરૂપ તું અનુપ જયકારી—ત્રી.

સમાપ્ત.

નીચે લખેલી ચોપડીઓ નીતિવિજય નાટક સમાજનો જ્યાં મુકામ હશે ત્યા રોકડી કીમતથી મળશે માટે જે સદગૃહસ્થોને જોઇએ તેમને રોકડી કીમતથી મંગાવી લેવી.

ઓપેરા.	રૂ આ પા.
ભાનુપ્રતાપ...	૦—૨—૦
પ્રતાપી રાજસિંહ	૦—૧—૦
ગાયન વિલાસ	૦—૨—૦
રતી રમણ...	૦—૨—૦
બાહાદુરસિંહ.	૦—૨—૦
લાલન	૦—૨—૦
હરિશ્ચંદ્ર	૦—૨—૦

શીરનામું.

નીતિવિજય નાટક સમાજ.

એન. એફ. સી.

માલીક ઓર મેનેજર્સ.